

**ભાજપ** સરકાર ધર્મપ્રેમી સનાતની ભક્તોની આસ્થાને વારંવાર ઠેસ પહોંચાડી રહી છે: કોંગ્રેસ

**ભાવિક** ભક્તોના દાનથી આવેલા રૂપિયા અલગ અલગ પ્રકારે અવ્યવહારુ રીતે વાપરવાની નીતિ દેખાઈ રહી હોય એમ લાગી રહ્યું છે: કોંગ્રેસ

### અંબાજીના 51 શક્તિપીઠમાં પ્રાણ પ્રતિષ્ઠા પછી પણ

# ‘માં શક્તિ’ થાળથી વંચિત: માત્ર 80 ગ્રામ મોહનથાળનું ચોસલું ધરાવાય છે

અમદાવાદ: અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ 2024નું આયોજન કરવામાં આવી રહ્યું છે. 12મીથી 16મી ફેબ્રુઆરી સુધી અંબાના ચરણોમાં 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ યોજાશે. જેમાં મોટી સંખ્યામાં માઇ ભક્તો આ પરિક્રમામાં આવશે. અંબાજી ખાતે મુખ્યમંદિર સિવાય બીજા 61 મંદિરો (51 શક્તિપીઠ સહિત) દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવે છે. જેની મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરવામાં આવી છે.

શાસ્ત્રોક્ત વિધીવિધાન મુજબ પ્રાણપ્રતિષ્ઠા કરેલી મુર્તિઓને જીવંત ગણી તેમને થાળ ધરાવવો ફરજીયાત હોય છે. માઈ ભક્તોની વારંવાર રજૂઆત બાદ પણ આ રાજભોગ ધરાવવા માટેના શાસ્ત્રોક્ત વિધિ વિધાન હજુ પણ શરૂ કરવામાં આવેલો નથી, તેવું પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા મીડીયા કન્વિનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશી અને પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું હતું.

ડૉ. મનીષ દોશીએ વધુમાં કહ્યું હતુ કે 51 શક્તિપીઠ મંદિરોનું લોકાર્પણ ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવેલું હતું.

આ શક્તિ મંદિરોમાં કોરોના પહેલા માતાજીને વિધિવત રીતે ભોજન થાળ ધરાવવામાં આવતો હતો પરંતુ કોરોના દરમિયાન મહામારીના બહાને ઉપરોક્ત રાજભોગ થાળ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા બંધ કરી દેવામાં આવ્યો હતો ત્યારબાદ માઇ ભક્તોની વારંવાર રજૂઆત બાદ પણ આ રાજભોગ ધરાવવા માટેના શાસ્ત્રોક્ત વિધિ વિધાન હજુ પણ શરૂ કરવામાં આવેલ નથી. પ્રવક્તા હેમાંગ રાવલે કહ્યું હતુ કે આ 51 શક્તિપીઠ મંદિરોમાં માત્ર 34 પૂજારી હોવાથી વિધીવિધાન પ્રમાણે કશું જ થતું નથી.

### અંબાજીના દર્શન, પૂજા તથા આરતી લાઈવ વેબસાઈટ પર દેખાતી જ નથી

ધર્મ અને આસ્થા બાબતના વિષય પર પ્રવક્તાઓએ જણાવ્યું હતું કે અધિકારીઓ ધર્મની બાબતમાં મુખ્યમંત્રીને પણ છેતરી રહ્યાં છે વર્ષ 2009માં રજીસ્ટર થયેલ વેબસાઈટને અલગ અલગ રીતે વારંવાર અનાવરણ કરીને જનતાના દાનના રૂપિયાનો ધુમાડો થઇ રહ્યો છે. ભૂતકાળમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે વેબસાઈટ અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટની એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી. ત્યારબાદ 2022માં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે પવિત્ર યાત્રાધામ ટ્રસ્ટની એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી. વળી પાછી ફરીથી તાજેતરમાં કલેક્ટરએ અંબાજીની વેબસાઈટનું ઉદ્ઘાટન કર્યું અને એ જ પ્રમાણે તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ Ambajitemple.in નામની વેબસાઈટનું લોન્ચિંગ કર્યું ભૂતકાળમાં અનાવરણ કરવામાં આવેલી મુખ્યમંત્રી રૂપાણી દ્વારા એપ્લિકેશન આજે કોઈ જગ્યાએ ઉપલબ્ધ નથી. અને ભુપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવેલી પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની એપ્લિકેશનમાં માત્ર 5000 ડાઉનલોડ થયેલા છે અને 2022 પછી અપડેટ પણ થયેલી નથી. છેલ્લા દસ વર્ષથી વેબસાઈટ ઇનોગ્રેશન કરતી વખતે કહેવામાં આવે છે કે અંબાજીના દર્શન અને પૂજા તથા આરતી લાઈવ વેબસાઈટ પર દેખાડવામાં આવશે પરંતુ હજી સુધી ambajitemple.inની વેબસાઈટમાં આવા પ્રકારની સુવિધા ઉપલબ્ધ થઈ નથી માત્રને માત્ર ભાવિક ભક્તોના દાનથી આવેલા રૂપિયાની અલગ અલગ પ્રકારે અવ્યવહારુ રીતે વાપરવાની નીતિ દેખાઈ રહી હોય એમ લાગી રહ્યું છે.

#### માતાજીના વસ્ત્રો અને શણગાર પણ બદલવામાં આવતો નથી

સનાતન ધર્મી સમાજ, સંસ્થા અને માઇ ભક્તો તથા લોકલ સ્થાનિક આગેવાનો દ્વારા રજૂઆત કર્યા પછી માત્ર 80 ગ્રામ મોહનથાળનું ચોસલું ધરાવવાનું ચાલુ કરવામાં આવેલુ છે પરંતુ આ એકપણ મંદિરોમાં માતાજીને થાળ કે રાજભોગ ધરાવવામાં આવતો નથી. શાસ્ત્રોક્ત વિધીવિધાન મુજબ પ્રાણપ્રતિષ્ઠા કરેલી મુર્તિઓને જીવંત ગણી તેમને થાળ ધરાવવો ફરજીયાત હોય છે. પરંતુ 51 શક્તિપીઠ મંદિરમાં થાળ તો ઠીક પરંતુ માતાજીના વસ્ત્રો અને શણગાર બદલવામાં આવતા નથી. ઉપરોક્ત 61 મંદિરોમાં માત્ર 35 પુજારી સેવા આપી રહ્યાં છે.

### કેન્દ્રીય મંત્રી રૂપાલાના હસ્તે ઉદઘાટિત થયેલું કામરેજના

# ધોરણ પારડી ખાતે નિર્મિત 32 કરોડનું ‘આશીર્વાદ માનવમંદિર’ નિરાધાર મનોદિવ્યાંગનું ઘર બનશે

**સુરતમાં** માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત આશીર્વાદ માનવમંદિરમાં સેવાની જ્યોતિ પ્રજ્વલિત થઈ છે : રૂપાલા



સુરત : કામરેજના ધોરણપારડી ખાતે માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ તથા શહેરના શ્રેષ્ઠી, સમાજસેવકો અને દાતાઓના સહયોગથી રૂપિયા 32 કરોડના ખર્ચે નવનિર્મિત ‘આશીર્વાદ માનવમંદિર’ નું લોકાર્પણ કેન્દ્રીય મત્સ્યોદ્યોગ અને પશુપાલન મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાના હસ્તે કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, સેવાયજ્ઞની આહુતિથી સુરતની ભૂમિ પાવન બની છે. સુરતની ભૂમિ કર્ણની ભૂમિ અને ભામાશાની ભૂમિ તરીકે જગવિખ્યાત છે. સુરતમાં માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત આશીર્વાદ માનવમંદિરમાં સેવાની જ્યોતિ પ્રજ્વલિત થઈ છે જે કાયમ અંખડ રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. હાલ કામરેજ ખાતે નિવનિર્મિત આર્શીવાદ માનવમંદિરમાં કુલ 585 મનોદિવ્યાંગ આશ્રય લઈ રહ્યા છે. શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પૂર્વ મંત્રી નાનુભાઈ વાનાણી, પ્રવિણભાઈ ખેની, મનહરભાઈ કાકડીયા, મનહરભાઈ સાસપરા, સેવક જેરામભાઈ, મહંત સંપૂર્ણાનન્દ બ્રમ્હચારી, વિવિધ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, સમાજ શ્રેષ્ઠીઓ સહિત રાજસ્વી અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

#### 20 વર્ષ પહેલા વરાછા રોડ પર બનેલી એક ઘટના ‘આશીર્વાદ માનવમંદિર’નાં નિર્માણ સુધી લઈ ગઈ




ચેમ્બરનાં પૂર્વ પ્રમુખ અને માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ સાથે સંકળાયેલા કમલેશભાઈ યાજ્ઞિકે જણાવ્યું હતું કે, 20 જાન્યુઆરી 2004 નાં રોજ વરાછા રોડ પર ટોળે વળેલા લોકોની વચ્ચેથી એક યુવાને પ્રવેશ કરી જોયું કે, એક નગ્ન સ્ત્રીની પાસે એનું નવજાત બાળક પડ્યું છે. તે સમયે આવી વ્યક્તિને રાજસ્થાન મુકવામાં આવતી હતી પરંતુ એમ કરવામાં ખૂબ ખર્ચ થતો, એટલે સુરતના ગોથાણમાં એક જગ્યામાં આવું સેન્ટર શરૂ થયું, પણ સંખ્યા વધતા 18 કરોડ મનહર કાકડીયા, 1.11 કરોડ અનુભાઇ જશમત અને 1.11 કરોડ મનહરભાઈ સાસપરાનાં યોગદાનથી માનવ મંદિરનું નિર્માણ થયું હતુ.

### ગિરનાર પર્વત પર ગંદકીના મુદ્દે સત્તાવાળાઓને હાઇકોર્ટની ફટકાર

અમદાવાદ: ગિરનાર પર્વત પર ગંદકીના મામલે ગુજરાત હાઇકોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણીમાં જુનાગઢ કલેક્ટર દ્વારા એફિડેવિટ રજૂ કરવામાં આવી હતી. જોકે આ એફિડેવિટ સંતોષકારક ન લાગતા હાઇકોર્ટે તે સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો હતો. ગુજરાત હાઈકોર્ટમાં જૂનાગઢ કલેક્ટર વતી સરકારી એડવોકેટ દ્વારા એફીડેવિટ રજુ કરવામાં આવી હતી. જેમાં પ્લાસ્ટીક પરના પ્રતિબંધ અંગે ચોક્કસ સ્પષ્ટતા નહીં હોવાથી હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી એફીડેવિટ ચલાવી લેવાશે નહીં તેમ નોધ્યું હતું. હાઇકોર્ટે જુનાગઢ સત્તાવાળાઓને ફટકાર લગાવતા એડિશનલ ચીફ સેક્રેટરીને પક્ષકાર તરીકે જોડવા નિર્દેશ કર્યો હતો. આ અંગેની વધુ સુનાવણી 27મી ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે.

### ભણશે ગુજરાત?

# રાજ્યમાં એક શિક્ષકવાળી શાળા એક વર્ષમાં 906થી વધીને 1606 થઈ ગઈ

**વિધાનસભામાં** કોંગ્રેસનું મહેણું, સરકારી પ્રાથમિક શાળાઓમાં 19,650 શિક્ષકો અને 1,028 આચાર્યોની ઘટ

ગાંધીનગર: રાજ્યમાં સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર દિનપ્રતિદિન કથળતું જતું હોવાનો આક્ષેપ વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમારે કર્યો હતો.

તેમણે વધુમાં કહ્યું હતું કે રાજ્યમાં વર્ષ ૨૦૨૩માં એક શિક્ષકવાળી શાળાઓની સંખ્યા ૯૦૬ હતી, તેમાં મોટો વધારો થયો છે અને ૨૦૨૪માં એક શિક્ષકવાળી શાળાઓની સંખ્યા ૧,૬૦૬ થઈ છે. રાજ્યમાં લાયકાત ધરાવતા ટેટ-ટાટ પાસ હજારો ઉમેદવારો નોકરી માટેની રાહ જુએ છે, તેમ છતાં આવી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓમાં આવા ઉમેદવારોને નોકરી અપાતી નથી. આવી શાળાઓમાં વધુ શિક્ષક ક્યારે મુકાશે ત્યારે ઝડપથી મુકાશે તેવો જવાબ આપી દેવાય છે. પરંતુ ડબલ એન્જીનની ઝડપવાળી સરકારમાં આવી શાળાઓની સંખ્યા ઘટવાને બદલે ડબલ વધી રહી છે. બીજી બાજુ સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ૧૯,૬૫૦ અને આચાર્યોની ૧,૦૨૮ ઘટ છે. ૩,૦૬૫ પ્રાથમિક શાળાઓમાં માન્ય લાયકાત વિના નિમણુક પામેલા હોય તેવા ૭૦,૬૮૦ શિક્ષકો દ્વારા ખાનગી શાળાઓમાં બાળકોને શિક્ષણ પુરુ પાડવામાં આવે છે. હજારો શાળાઓમાં ઓરડાની ઘટના કારણે એક કરતાં વધુ વર્ગના વિદ્યાર્થીઓને એક સાથે બેસવાની ફરજ પડે છે.


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



વ્હાલા પપ્પા, પ્રમાણિકતા તમારી સુવાસ હતી, સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારૂં કર્તવ્ય હતું, ધર્મ કદી ભૂલ્યા નહિં, વ્યવહાર કદી ચુકયા નહિં એવો આપનો દિવ્ય આત્મા મોક્ષ પામી ઈશ્વર સાથે એકાકાર થઈ ગયો છે.. પણ પપ્પા અમે હંમેશા તમારા અસ્તિત્વનો ભાગ છે અને રહીશું. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

..લિ..
ધર્મિષ્ઠાબેન કરશનભાઈ પટેલ (પત્ની)
કવિષા કરશનભાઈ પટેલ (પુત્રી)
ડો.ભાવિની કરશનભાઈ પટેલ (પુત્રી)
કોમલ કરશનભાઈ પટેલ (પુત્રી)

સ્વ.શ્રી કરશનભાઈ ફકીરભાઈ પટેલ
સ્વ.તા.૧૩/૦૨/૨૦૨૩

સ્થળ : ૧૩૫, મહાવીરનગર સોસાયટી, કતારગામ, સુરત



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

(અગાઉ IDFC બેંક લિમિટેડ તરીકે ઓળખાતી) - CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 7મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031.
ટેલિફોન: +91 44 4564 4000 - ફેક્સ: +91 44 4564 4022

IDFC FIRST Bank

**પરિશિષ્ટ - IV-A [નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]**
**સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8(6)ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.
આથી સામાન્ય લોકો અને ખાસ કરીને ઋણ લેનારાઓ અને સહ-ઋણ લેનારાઓને કોલમ (ii) મુજબ નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો કોલમ (iii) મુજબ સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો ભૌતિક કબજો જે અગાઉ IDFC બેંક લિ.તરીકે ઓળખાતી હવે IDFC FIRST Bank લિમિટેડ તરીકે ઓળખાતી બેંકનાઅધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. આથી કોલમ (i) મુજબ લોન લેનાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત માટે, ‘જ્યાં છે ત્યાં’, ‘જેમ છે તેમ’ અને ‘જે છે તે’ પ્રમાણે 22.03. 2024ના રોજ અહીં વર્ણવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને IDFC FIRST બેંકની વેબસાઇટ એટલે કે www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| અ.નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ અને તારીખ | (ii) ઉધાર લેનારા(ઓ) અને સહ-ઉધાર લેનારાઓના નામ | (iii) મિલકતનું સરનામું | (iv) અનામત કિંમતની રકમ | (v) EMD રકમ | (vi) હરાજીની તારીખ અને સમય | (vii) EMD હરાજીની તારીખ અને સમય | (viii) નિરીક્ષણની તારીખ અને સમય | (ix) અધિકૃત અધિકારીનું નામ અને મોબાઇલ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | રૂ. 38,60,460.17/- ડિમાન્ડ નોટિસ તારીખ: 20-એપ્રિલ-2021 | ભગવાનભાઈ ગભરૂભાઈ ચાવડા, કાંતિભાઈ ગભરૂભાઈ ચાવડિયા અને ફાઈવ સ્ટાર ફેશન એન્ડ ટેલર્સ | સ્થાવર મિલકત ધરાવતી મિલકતના તમામ ટુકડા અને પાર્સલ, પ્લોટ નં. 306, સિટી સર્વે નોંધ એન. 4622 અને 4623 અનુક્રમે સિટી સર્વે મુજબ, માપન 15.60 ચો. મીટર્સ & 10.67 ચો. મીટર્સ., કુલ માપન 26.27 ચો. મીટર્સ., બાંધકામ ‘‘ન્યુ બરોડા પ્રેસ્ટીજ કમ્પાઉન્ડ’’ ધરાવતું, રાજ્યમાં આવેલી જમીન પર વિકસિત અને બાંધવામાં આવેલ: ગુજરાત, જિલ્લો: સુરત, પેટા જિલ્લો અને તાલુકો: સુરત શહેર, મોજે: કરંજ બેરિંગ રેવન્યુ સર્વે નંબર 50, ટી.પી. સ્કીમ નંબર 3 (કરંજ), ફાઇનલ પ્લોટ નં. 124 સીમાઓ : ઉત્તર : શેરી, દક્ષિણ : પ્લોટ નં. 1, પૂર્વ: શેરી અને પશ્ચિમ: શેરી | રૂ. 20,43,826/- | રૂ. 2,04,382.6/- | 22મી માર્ચ 2024 સવારે 11.00 વાગ્યાથી બપોરે 1.00 વાગ્યા સુધી | 21મી માર્ચ 2024 સવારે 10.00 વાગ્યાથી સાંજે 5.00 વાગ્યા સુધી | 15મી માર્ચ 2024 બપોરે 1.00 વાગ્યાથી સાંજે 4.00 વાગ્યા સુધી | નામ- શ્રી સત્યેન્દ્ર મૌર્ય સંપર્ક નંબર 8306001848 નામ- શ્રી ચિન્મય આચાર્ય સંપર્ક નંબર 9574448844 |
| 2 | રૂ. 13,48,340.67/- ડિમાન્ડ નોટિસ તારીખ: 17-એપ્રિલ-2021 | શ્રી અંકુર ઈશ્વરભાઈ શાહ, શ્રીમતી નિશા અંકુર શાહ અને યમુના ઈલેક્ટ્રીકલ્સ | મિલકતના તમામ ટુકડા અને પાર્સલ જેમાં સ્થાવર મિલકતનો સમાવેશ થાય છે, દુકાન નં. ડી-4 ની જગ્યા, 136.55 ચોરસ ફૂટનું માપન. એટલે કે 12.69 ચોરસ મીટર, કાર્પેટ એરિયા, 8t માપન 213.69 ચો. ફૂટ., એટલે કે 19.85 ચોરસ મીટર, સુપર બિલ્ટ અપ એરિયા, ગ્રાઉન્ડની જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સા સાથે, ગ્રાઉન્ડ ફ્લોર, ‘‘અનમોલ એપાર્ટમેન્ટ’’, રાજ્યમાં આવેલી જમીન પર વિકસિત: ગુજરાત, જિલ્લો: સુરત, પેટા-જિલ્લો અને તાલુકા: અડાજણ વોર્ડ નં. 17/A, નોંધ નં. 237 માપન 221.8 ચોરસ મીટર, ચલતા નંબર 322 અને 323, ગામતલ હાઉસ નં. 237, સુરત મ્યુનિસિપલ ટેનામેન્ટ નંબર 17A-03-2205-0-01 | રૂ. 18,10,500/- | રૂ. 1,81,050/- | 22મી માર્ચ 2024 સવારે 11.00 વાગ્યાથી બપોરે 1.00 વાગ્યા સુધી | 21મી માર્ચ 2024 સવારે 10.00 વાગ્યાથી સાંજે 5.00 વાગ્યા સુધી | 15મી માર્ચ 2024 બપોરે 1.00 વાગ્યાથી સાંજે 4.00 વાગ્યા સુધી | નામ- શ્રી સત્યેન્દ્ર મૌર્ય સંપર્ક નંબર 8306001848 નામ- શ્રી ચિન્મય આચાર્ય સંપર્ક નંબર 9574448844 |
| 3 | રૂ. 11,19,218.65/- ડિમાન્ડ નોટિસ તારીખ: 22-માર્ચ-2022 | માંગીલાલ પ્રજાપતિ અને લક્ષ્મીદેવી પ્રજાપતિ | ફ્લેટ નં. 303ના તમામ ટુકડા અને પાર્સલ. 3જા માળે આવેલ, 600 ચોરસ ફૂટનું માપન. (સુપર બિલ્ટ અપ એરિયા), અને 393 ચો. ફૂટ., (સુપર બિલ્ટ અપ એરિયા), રોડની જમીન અને સીઓપીમાં અવિભાજિત હિસ્સા સાથે, ‘‘અંબિકા ટાઉનશીપ બિલ્ડીંગ/ટાવર નંબર જી-2’’માં, રેવન્યુ સર્વે નંબર 83/1, બ્લોક નં. 121 પર સ્થિત છે, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. 69 (ગોડાદરા ડીંડોલી), મૂળ પ્લોટ નં. 109 અને અંતિમ પ્લોટ નં. 109 મોજે ડિંડોલી, સુરત શહેર (ગુજરાત) અને આ રીતે બંધાયેલ: પૂર્વ: ફ્લેટ નંબર 302, પશ્ચિમ: રોડ, ઉત્તર: રોડ અને દક્ષિણ: ફ્લેટ નં. 304 | રૂ. 10,20,000/- | રૂ. 1,02,000/- | 22મી માર્ચ 2024 સવારે 11.00 વાગ્યાથી બપોરે 1.00 વાગ્યા સુધી | 21મી માર્ચ 2024 સવારે 10.00 વાગ્યાથી સાંજે 5.00 વાગ્યા સુધી | 15મી માર્ચ 2024 બપોરે 1.00 વાગ્યાથી સાંજે 4.00 વાગ્યા સુધી | નામ- શ્રી સત્યેન્દ્ર મૌર્ય સંપર્ક નંબર 8306001848 નામ- શ્રી ચિન્મય આચાર્ય સંપર્ક નંબર 9574448844 |
| 4 | રૂ. 21,49,921.77/- ડિમાન્ડ નોટિસ તારીખ: 04-ડિસેમ્બર-2021 | અશોક હરી સાહુ અને સબિતા અશોક સાહુ | સ્થાવર મિલકત પ્લોટ નંબર 5ના તે તમામ ભાગ અને પાર્સલ, 124.54 ચોરસ મીટરનું માપન, રસ્તા અને સીઓપીમાં અધિકારો સાથે. માપન 60.08 ચો. મીટર, ટોટલી માપન 184.62 ચો. મીટર્સ., ‘‘તિરૂપતિ રેસીડેન્સી’’, રાજ્યમાં આવેલી જમીન પર વિકસિત: ગુજરાત, જિલ્લો: સુરત, પેટા-જિલ્લો અને તાલુકા: ઓલપાડ, મોજે: સિવાન બેરિંગ રેવન્યુ સર્વે નં. 118, બ્લોક નં. 318/બી અને આ રીતે બંધાયેલ: પૂર્વ: Adj. સોસાયટી રોડ, પશ્ચિમ: Adj. સોસાયટી રોડ, ઉત્તર: Adj. પ્લોટ નં. 06 અને દક્ષિણ: Adj. પ્લોટ નં. 04 | રૂ. 18,05,100/- | રૂ. 1,80,510/- | 22મી માર્ચ 2024 સવારે 11.00 વાગ્યાથી બપોરે 1.00 વાગ્યા સુધી | 21મી માર્ચ 2024 સવારે 10.00 વાગ્યાથી સાંજે 5.00 વાગ્યા સુધી | 15મી માર્ચ 2024 બપોરે 1.00 વાગ્યાથી સાંજે 4.00 વાગ્યા સુધી | નામ- શ્રી સત્યેન્દ્ર મૌર્ય સંપર્ક નંબર 8306001848 નામ- શ્રી ચિન્મય આચાર્ય સંપર્ક નંબર 9574448844 |

ડિસ્કલેમર: મહેરબાની કરીને નોંધ કરો કે ઉપરોક્ત નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે જારી કરવામાં આવી છે અને IDFC FIRST Bank Limitedને સ્થાવર મિલકત પર હાજર કોઈ જંગમ સંપત્તિ જો કોઈ હોય તો, તેના વેચાણનો કોઈ અધિકાર નથી.

Sd/-
અધિકૃત અધિકારી
IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ IDFC બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)

તારીખ: 13.02.2024



बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda
विजया VIJAYA | देना DENA

સુરત શહેર ક્ષેત્ર-૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭
ફોન : + ૯૧ ૯૪૦૯૩૧૬૯૦૪, + ૯૧ ૭૯૦૩૮ ૮૮૬૭૨

**ઈ-હરાજી વેચાણ નોટીસ**
હરાજીની તા.૦૬.૦૩.૨૦૨૪, નિરિક્ષણ તા.૦૧.૦૩.૨૦૨૪ અને સમય : બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦

**સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮ (૬)ની શરતો હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ**

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (હવે પછી અહીં ‘એકટ’ તરીકે ઉલ્લેખ થશે) હેઠળ સ્થાવર / ચલિત અસ્કયામતોનું વેચાણ. આથી આ નોટીસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરવેદાર(રો) ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિકયુર્ટ ક્રેડિટર પાસે ગીરવે મુકાયેલ/ચાર્જમાં રહેલ જેનો કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિકયુર્ડ ક્રેડિટર દ્વારા લેવાયેલ છે. તે નીચે દર્શાવેલ ખાતા/ઓની વસુલી માટે ‘‘જે છે ત્યાં છે’’, ‘‘જે છે તે છે’’ અને ‘‘જેમ છે તેમ છે’’ ના આધારે વેચવામાં આવશે. જે અંગેનાં દેવાદાર/ઓ, ગીરવેદાર, જામીનદારો સુરક્ષિત કરેલ મિલકતો બાકી રકમ, અનામત કિંમત, ઈ-હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બોલી વધારીની રકમ નીચે દર્શાવેલ છે.

| અ.નં. | શાખા / દેવાદારનું નામ અને ડિમાન્ડ નોટીસની તારીખ | મિલકતનાં માલિક | મિલકતનું વર્ણન | મિલકતનો પ્રકાર (રોહાઉસ/ફ્લેટ/રહે. પ્લોટ/ઔદ્યોગિક પ્લોટ/ઔદ્યોગિક બિલ્ડીંગ) / કબજાનો પ્રકાર પ્રત્યક્ષ/સાંકેતિક | બાકી લેણા (લાખમાં) તા.૩૧.૦૧.૨૦૨૪ સુધીના વ્યાજ સહિત (જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા) | ૧) અનામત કિંમત (લાખમાં) ૨) અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) ૩) બીડ વધારાની રકમ | સંપર્ક અધિકારીનું નામ અને નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **એપીએમસી, કુંભાલ** / રાજકુમાર સોભારામ સિંઘ ૦૬.૦૫.૨૦૨૧ | રાજકુમાર સોભારામ સિંઘ | પ્લોટ નં.૧૭૦, સાંઈ કુટિર રેસીડન્સી, સિદ્ધિ વિનાયક રેસીડન્સીની બાજુમાં, બગુમરા, કેનાલ રોડ, ગામ બગુમરા, પલસાણા, સુરત-૩૯૪૩૧૦ | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૩.૯૬ + અન્ય ચાર્જીસ | ૧) ૮.૩૫ ૨) ૦.૮૪ ૩) ૦.૧૦ | કુશલ પરીખ ૮૯૮૦૦૨૬૬૩૦ |
| ૨. | **ભેસ્તાન** / નામદેવ જીવન માલી ૩૦.૦૪.૨૦૧૯ | નામદેવ જીવન માલી અને રૂકમાબેન નામદેવ માલી | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત સાંઈ આંગન રેસીડન્સી સ્થિત પ્લોટ નં.૧૭૨ (કે.જે.પી. રેકર્ડ મુજબ બ્લોક નં.૮૫/૧૭૨ માપ ૪૦.૨૩ ચો.મી.) રેવન્યુ સર્વે નં.૧૦૦ અને ૧૦૧, બ્લોક નં.૮૫, સાંઈ દીપ રેસીડન્સી પાસે, ગામ જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે જેનું કુલ માપ અંદાજે ૫૩.૩૬ ચો.વાર યાને ૪૪.૬૨ ચો.મી. છે. | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૫.૩૮ + અન્ય ચાર્જીસ | ૧) ૭.૬૫ ૨) ૦.૭૭ ૩) ૦.૧૦ | અરવિંદ સિંઘ રાજપુત ૮૯૮૦૦૨૧૦૬૩ |
| ૩. | **બેગમપુરા** / રાજેન્દ્રકુમાર વર્મા ૧૯.૦૬.૨૦૧૯ | રાજેન્દ્રકુમાર વર્મા | આરાધના ડ્રીમ વિભાગ-૧ નામની સોસાયટી સ્થિત પ્લોટ નં.૨૨૪, રેવન્યુ સર્વે નં.૧૪૭ અને ૧૫૩/૧, બ્લોક નં.૧૫૯ અને ૧૬૨, સુધારેલ સ્કીમ મુજબ નવો બ્લોક નં.૧૫૯, ગામ જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૬.૭૭ + અન્ય ચાર્જીસ | ૧) ૭.૬૫ ૨) ૦.૭૭ ૩) ૦.૧૦ | રવિ રંજન ૮૯૮૦૦૨૧૦૬૯ |
| ૪. | **ખોલવડ** / લલિત ઈશ્વર મહાજન ૨૫.૦૫.૨૦૨૧ | લલિત ઈશ્વર મહાજન | શીરડી ધામ રોહાઉસ સ્થિત પ્લોટ નં.૧૪૭, રે.સ.નં.૧૪૫, ૧૪૫/૨, ૩૫૮/૨, બ્લોક નં.૧૫૫/બી, ગંગાધરા પાટિયા, રામેશ્વરમ મારબલ ની પાછળ, બારડોલી રોડ, મોજે કારેલી, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૨૩.૭૨ + અન્ય ચાર્જીસ | ૧) ૧૩.૩૫ ૨) ૧.૩૪ ૩) ૦.૧૦ | પ્રબોધ કુમાર ૮૯૮૦૦૨૧૦૬૮ |
| ૫. | **સચીન** / લવકેશકુમાર એ. મિશ્રા ૦૧.૦૭.૨૦૧૯ | લવકેશકુમાર એ. મિશ્રા અને ભાવનાદેવી લવકેશ મિશ્રા | રાજ અભિષેક સીટી હોમ્સ ની બિલ્ડીંગ નં.ડી/૦૨ ના ૧લા માળનો ફ્લેટ નં.૧૦૭, જેનું સુપર બિલ્ટ અપ માપ ૭૬૦ ચો.ફુટ, બિલ્ટ અપ માપ ૪૭.૭૭ ચો.મી., જેની જમીન ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિતનું બિલ્ડીંગ નું બાંધકામ નવો બ્લોક નં.૧૪, મોજે પારડી કણદે, કણદે, તા.ચોર્યાસી, સુરત ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. | ફ્લેટ / પ્રત્યક્ષ | રૂા.૨૧.૩૮ + અન્ય ચાર્જીસ | ૧) ૯.૬૬ ૨) ૦.૯૭ ૩) ૦.૧૦ | રાજીવ રંજન ૬૩૫૯૯૦૯૮૧૯ |
| ૬. | **નાનપુરા** / દામોદર દ્વારિકા સોં ૦૩.૦૪.૨૦૨૧ | દામોદર દ્વારિકા સોં | રજીસ્ટર્ડ મોર્ગેજ કરેલ જમીન અને બિલ્ડીંગ પ્લોટ નં.૨૬૬ કોમ્પ્યુટરાઈઝ્ડ રેકર્ડ મુજબ જે પ્લોટ બ્લોક નં.૨૯/૨૬૬ તરીકે જાણીતો જેનું આશરે માપ ૪૮ ચો.વાર, આરાધના પેલેસ, રેવન્યુ સર્વે નં.૨૫/૧ યાને બ્લોક નં.૨૯ ગામ જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૩.૦૭ + અન્ય ચાર્જીસ | ૧) ૬.૪૫ ૨) ૦.૬૫ ૩) ૦.૧૦ | મનોજકુમાર ૮૯૮૦૦૨૬૬૬૦ |
| ૭. | **નાનપુરા** / રામાશ્રેય કપિલદેવ પ્રસાદ ૦૩.૦૪.૨૦૨૧ | રામાશ્રેય કપિલદેવ પ્રસાદ અને મીનાબેન રામાશ્રેય પ્રસાદ | રજીસ્ટર્ડ મોર્ગેજ કરેલ જમીન અને બિલ્ડીંગ પ્લોટ નં.૧૭/એચ (કેજેપી મુજબ પ્લોટ નં.૨૧૭/૧૭) જેનું અંદાજે માપ ૬૬.૯૨ ચો.મી. જે જમીનમાં આવેલ રોડ ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત સહકાર પાર્ક વિભાગ-૧, જોડાણ બાદ નવો બ્લોક નં.૨૧૭ (બ્લોક નં.૨૧૭ અને ૨૨૫, રેવન્યુ સર્વે નં.૧૯૧ + ૧૯૩ + ૧૯૪ અને ૧૯૫/૧) ગામ સોયાણી, સબ ડીસ્ટ્રીકટ પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૨૧.૨૦ + અન્ય ચાર્જીસ | ૧) ૧૧.૬૭ ૨) ૧.૧૭ ૩) ૦.૧૦ | મનોજકુમાર ૮૯૮૦૦૨૬૬૬૦ |
| ૮. | **બલેશ્વર** / હરદેવલાલ ગોકળલાલ શર્મા ૦૩.૦૪.૨૦૨૧ | હરદેવલાલ ગોકળલાલ શર્મા અને મમતા હરદેવલાલ શર્મા | નક્ષત્ર રેસીડન્સી સ્થિત પ્લોટ નં.૧૭૨ જેનું આશરે માપ ૪૮ ચો.વાર યાને ૪૦.૧૮ ચો.મી. (કે.જે.પી. મુજબ બ્લોક નં.૨૫૬/૧૭૨) રેવન્યુ સર્વે નં.૨૧૪ યાને બ્લોક નં.૨૫૬, ગામ જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૩.૪૦ + અન્ય ચાર્જીસ | ૧) ૧૦.૩૯ ૨) ૧.૦૪ ૩) ૦.૧૦ | સુધાકર ગોન્નાડે ૮૯૮૦૦૨૬૬૧૬ |
| ૯. | **બલેશ્વર** / પુખારામ કબુરામ ચૌધરી ૨૭.૦૧.૨૦૨૨ | પુખારામ કબુરામ ચૌધરી અને રાધાદેવી પુખારામ ચૌધરી | શિવ સાગર રેસીડન્સી સ્થિત પ્લોટ નં.૪૫૩ જેનું મંજુર થયેલ પ્લાન મુજબ માપ ૬૦.૬૬ ચો.મી. અને બુકીંગ પ્લાન મુજબ માપ ૬૧.૪૬ ચો.મી., જે જમીનમાં ૧૦.૪૮ ચો.મી.માં અને ૨૭.૦૬ ચો.મી.માં અનુક્રમે આવેલ સીઓપી અને રોડ ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત યાને કુલ માપ ૯૯.૦૦ ચો.મી. એન.એ. થયેલ જમીન અનુક્રમે રેવન્યુ સર્વે નં.૧૦૭ અને ૧૦૪/૨, બ્લોક નં.૧૦૫ અને ૧૪૦) (સુધારા બાદ નવો બ્લોક નં.૧૦૫) મોજે ગામ દસ્તાન, સબ ડીસ્ટ્રીકટ પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૭.૯૯ + અન્ય ચાર્જીસ | ૧) ૧૨.૦૫ ૨) ૧.૨૧ ૩) ૦.૧૦ | સુધાકર ગોન્નાડે ૮૯૮૦૦૨૬૬૧૬ |
| ૧૦. | **ચલથાણ** / જય નારાયણ કે વર્મા ૦૮.૦૭.૨૦૨૧ | જય નારાયણ કે વર્મા | આરાધના ડ્રીમ વિભાગ-૧ સ્થિત પ્લોટ નં.૧૯૩ જેનું આશરે માપ ૫૮.૫૭ ચો.મી. બ્લોક નં.૧૫૯, જોળવા ગ્રામ પંચાયત પાસે, જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | ગાળા ટાઈપ રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૪.૯૮ + અન્ય ચાર્જીસ | ૧) ૯.૪૫ ૨) ૦.૯૫ ૩) ૦.૧૦ | સુરેન્દ્ર પ્રસાદ ૮૯૮૦૦૨૧૦૭૩ |
| ૧૧. | **ચલથાણ** / મહેશ આર.પવાર ૦૧.૦૭.૨૦૨૧ | મહેશ આર.પવાર | આરાધના લેક ટાઉન, વિભાગ-૨ સ્થિત પ્લોટ નં.૪૭૭ જોળવા લેક પાછળ, આરાધન લેક ટાઉન-૧ ની બાજુમાં, જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | ગાળા ટાઈપ રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૯.૮૮ + અન્ય ચાર્જીસ | ૧) ૬.૩૦ ૨) ૦૬૩ ૩) ૦.૧૦ | સુરેન્દ્ર પ્રસાદ ૮૯૮૦૦૨૧૦૭૩ |
| ૧૨. | **ચલથાણ** / ભૂપેન્દ્રકુમાર જે. ઢોલકીઆ ૦૧.૦૫.૨૦૨૧ | ભૂપેન્દ્રકુમાર જે. ઢોલકીઆ | આરાધના લેક ટાઉન, વિભાગ-૨ સ્થિત પ્લોટ નં.૩૩૪ બ્લોક નં.૩, જોળવા લેક પાછળ, આરાધન લેક ટાઉન-૧ ની બાજુમાં, જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | ગાળા ટાઈપ રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૧.૮૮ + અન્ય ચાર્જીસ | ૧) ૬.૩૦ ૨) ૦૬૩ ૩) ૦.૧૦ | સુરેન્દ્ર પ્રસાદ ૮૯૮૦૦૨૧૦૭૩ |
| ૧૩. | **દીહેણ** / ગોકુલભાઈ પ્રકાશભાઈ કુરે ૧૨.૦૪.૨૦૨૧ | ગોકુલભાઈ પ્રકાશભાઈ કુરે | ઓમ હરિ ઓમ રેસીડન્સી સ્થિત પ્લોટ નં.૨૪/જી, જેનું આશરે માપ ૪૦.૧૫ ચો.મી., રે.સ.નં.૫૮, બ્લોક નં.૬૯, તુલસી પેપર મીલ સામે, ગામ કારેલી, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૩.૬૪ + અન્ય ચાર્જીસ | ૧) ૬.૯૩ ૨) ૦.૭૦ ૩) ૦.૧૦ | છલવાણી લકી જગદીશ ૮૯૮૦૦૨૬૬૨૭ |
| ૧૪. | **દીહેણ** / છગનલાલ તેલી ૦૨.૦૧.૨૦૨૦ | છગનલાલ આર જાદમ અને લિલાબેન સી.તૈલી | આરાધના ડ્રીમ વિભાગ-૧ સ્થિત પ્લોટ નં.૪૦૮ જેનું આશરે માપ ૬૩.૦૦ ચો.વાર (કેજેપી બાદ બ્લોક નં.૧૫૯/૪૦૮/એ, આશરે માપ ૫૨.૭૦ ચો.મી.) જે જમીનમાં ૨૭.૭૫ ચો.મી.માં આવેલ રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, નવો બ્લોક નં.૧૫૯ (બ્લોક નં.૧૫૯ અને ૧૬૨) મોજે ગામ જોળવા, સબ ડીસ્ટ્રીકટ પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૯.૫૫ + અન્ય ચાર્જીસ | ૧) ૯.૮૬ ૨) ૦.૯૯ ૩) ૦.૧૦ | છલવાણી લકી જગદીશ ૮૯૮૦૦૨૬૬૨૭ |
| ૧૫. | **દીહેણ** / ગુલાબભાઈ એચ. પાટીલ ૧૩.૦૪.૨૦૨૧ | ગુલાબભાઈ એચ. પાટીલ અને સંગીતાબેન જી. પાટીલ | આરાધના લેક ટાઉન, વિભાગ-૪ સ્થિત પ્લોટ નં.૯૧ (કેજેપી મુજબ બ્લોક નં.૧૩/૯૧) જે જમીનમાં ૨૪.૧૬ ચો.મી.માં આવેલ રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, નવો બ્લોક નં.૧૩ (બ્લોક નં.૧૩ અને ૧૪) મોજે જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૯.૮૪ + અન્ય ચાર્જીસ | ૧) ૧૨.૦૬ ૨) ૧.૨૧ ૩) ૦.૧૦ | છલવાણી લકી જગદીશ ૮૯૮૦૦૨૬૬૨૭ |

**સરફેસી એકટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૧૫ દિવસની વૈધાનિક વેચાણ નોટીસ**
તમામ મિલકત માટે બિડ વધારા રકમ રૂા.૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર પુરા) રહેશે. વેચાણનાં વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી આપેલ લીંક https://www.bankofbaroda.in/e-auction.htm, https://ibapi.in પર જાવ. સંભવિત બિડરો અધિકૃત અધિકારી ફોન નં. +૯૧ ૯૪૦૯૩૧૬૯૦૪, +૯૧ ૭૯૦૩૮ ૮૮૬૭૨ નો સંપર્ક કરે અથવા www.mstcecommerce.com ની મુલાકાત લો.
(જો અંગ્રેજી સંસ્કરણ અને કોઈપણ અન્ય ભાષાના સંસ્કરણ વચ્ચે વિસંગતતા જણાય તો અંગ્રેજી સંસ્કરણને માન્ય ગણવામાં આવશે.)

SCAN HERE For detailed Terms & Conditions

તા.૧૩.૦૨.૨૦૨૪ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, ચીફ મેનેજર, બેંક ઓફ બરોડા